બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :



# સામશુન
# ઈશ્વરનો
# મજબૂત પુરુષ

લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Janie Forest; Alastair Paterson

અનુકૂલન : Lyn Doerksen

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2021 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

ઘણા વર્ષો પહેલાની આ વાત છે. ઈસ્રાએલના દેશમાં એક માણસ રહેતો હતો તેનું નામ મનોઆહ હતું. તેને અને તેની પત્નીને બાળકો નહોતા. એક દિવસે ઈશ્વરનો દૂત મનોઆહની પત્ની પાસે આવ્યો.

“તારા દ્વારા એક ખાસ પ્રકારનું બાળક અવતરશે.” તેણે કહ્યું.



આ અદ્‌ભૂત સમાચાર તેણીએ તેના પતિને આપ્યા. મનોઆહે પ્રાર્થના કરી કે, “હે મારા પ્રભુ ... તમે અમારી પાસે ફરી આવો. અને અમને જણાવો કે



અમારે આ બાળક માટે શું કરવું જોઈએ.”



દૂતે મનોઆહને સમજાવ્યું કે આ
બાળકના માથા પર કદી અસ્ત્રો ફરશે
નહીં, તે કદી દારૂ પીશે નહીં. અને
અમુક પ્રકારનો ખોરાક તે કદી
ખાસે નહીં.

ઈશ્વરે તેના
લોકોનો ન્યાયાધિશ
બનવા માટે
તેને પસંદ કર્યો છે. તે
ઈસ્રાએલ પ્રજાને દોરશે.





ઈશ્વરના લોકોને ખરેખર મદદની જરૂર  હતી. તેઓએ ઈશ્વરને ત્યજી દીધો હતો. તેના કારણે તેના શત્રુઓ તેમને હેરાન કરતા હતા. આ શત્રુઓ તો પલિસ્તીઓ જ હતા.



છતાં પણ જ્યારે તેમણે પ્રાર્થના કરી ત્યારે ઈશ્વરે તેમની પ્રાર્થના સાંભળી. ઈશ્વરે આ બાળકને મોકલ્યો કે જે તેના લોકોમાં સૌથી વધુ મજબૂત વ્યક્તિ હશે.

“તેથી આ સ્ત્રીને દીકરાનો જન્મ થયો અને તેનું નામ સામશુન કહેવાયું, બાળક મોટો થયો અને ઈશ્વરે તેને આશીર્વાદિત કર્યો, અને ઈશ્વરનો પવિત્ર આત્મા તેના પર ઉતરી આવ્યો.”



સામશૂન હવે એક બળવાન પુરુષ બની ગયો. એક દિવસે તે એક જુવાન સિંહની સાથે લડ્યો અને ફક્ત તેના હાથોનો ઉપયોગ કરીને તેને ફાડી નાંખ્યો.



થોડા સમય પછી તેણે એ જ
સિંહના હાડપિંજરમાંથી માખીઓથી
ભરપૂર મધપૂડો જોયો અને તેણે સ્વાદ ચાખ્યો.



ત્યારબાદ આ
જોઈને તેણે એક ઉખાણું બનાવ્યું.
“ખાનારમાંથી ખોરાક નીકળ્યો
અને બળવાનમાંથી મીઠાસ નીકળી.”


આ
ઉખાણાનો
કોઈ અર્થ કહી શક્યો નહીં- પણ
સામશૂનની પત્ની જે પલિસ્તીઓમાંની
એક હતી તેણે તેના મિત્રોને કહી દીધું.
આ કારણે સામશૂન ખૂબ જ ગુસ્સે ભરાયો.

જ્યારે તેણે જોયું કે તેની પત્નીને તેના ખાસ મિત્રને આપી દેવામાં આવી હતી. ત્યારે તે વધુ ગુસ્સે ભરાઈ ગયો. તેણે બદલો લેવા  માટે નક્કી કર્યું.



પણ કેવી રીતે? પ્રથમ સામશૂને 300 શિયાળો પકડ્યા. તેણે તેને બબ્બે શિયાળોની પૂંછડીઓને વીંટાળીને તેની પર સળગતી મશાલો ગોઠવી.



ત્યારબાદ સામસૂને આ શિયાળોને પલિસ્તીઓના
પાકોથી ભરપૂર ખેતરોમાં છોડી મૂક્યાં.



હવે પલિસ્તીઓ પણ સામે બદલો લેવા માંગતા હતાં. શામસૂને જાણી જોઈને પોતાની જાતને પકડાવી લેવા દીધો, તેઓએ તેને બાંધીને મારી નાંખવા લઈ જવા લાગ્યાં.



પણ ઈશ્વરનો આત્મા
સામશૂન પર આવ્યો. તેણે
એ દોરડા તોડી નાંખ્યા અને
ગધેડાનું તાજું જડબું લઈને
૧૦૦૦ જેટલા દુશ્મનોને
મારી નાખ્યા.



પલિસ્તીઓના લોકોના જૂથે સામશૂનને પકડવા માટે શોધ કરી. એક રાત્રીએ તેને એક શહેરમાં ઘેરી લીધો.



પણ સામશૂન રાત્રે જાગી ઉઠ્યો અને તે શહેરના બારણા ભૂંગળો સાથે ઉઠાવીને શહેરની બહાર ચાલી નીકળ્યો.



પણ સામશૂને ઈશ્વરને નારાજ કર્યા. જ્યાં સુધી તે ઈશ્વરને આધિન થયો ત્યાં સુધી ઈશ્વરે તેને બળ આપ્યું. એક દિવસે સામશૂને પોતાનું રહસ્ય એ પલિસ્તીઓની સ્ત્રી જે જાસૂસ હતી તેને કહી દીધું. જ્યારે તે સૂઈ ગયો ત્યારે તેણીએ તેના માથાના વાળ મૂંડાવી દીધા.





ત્યારબાદ પલિસ્તીઓના સૈનિકો, સામશૂન કે જે દલિલાહના શયનખંડમાં ત્યાં ચઢી આવ્યા.



સામશૂન બહુ જ
મહેનતથી લડ્યો પણ
તેની તાકાત જતી રહી
હતી. તેના શત્રુઓએ
તેની આંખો ફોડી
નાંખી.



હવે સામશૂન આંધળો
અને નબળો બનીને
પલિસ્તીઓનો ગુલામ
બની ચૂક્યો હતો.
તેઓએ આ ઈશ્વરના
સેવક પર હસ્યા અને
તેની મશ્કરી કરી.

પલિસ્તીઓએ એક મિજબાની રાખી. તેઓએ તેમના મધ્યસ્થ ઈશ્વર દાગોનને સામશૂનને તેમના હાથમાં સોંપી દીધા બદલ ઊપાસના કરી. તેઓએ દાગોનના મંદિરમાં મદિરા પીને મજા કરવા લાગ્યા. તેઓએ સામશૂનને તેમની સામે લાવ્યા કે જેથી તે તેમના માટે મનોરંજન કરે.



એક છોકરો સામશુનને પકડીને લાવ્યો. તેણે સામશૂનને મંદિરના મુખ્ય સ્થંભ પર ટેકો લેવા દીધો. તે છત પર



લગભગ 3000 જેટલા પલિસ્તીઓ ભેગા થયા હતાં. તેમાંના ઘણા તેની મજાક ઉડાવતા હતાં.

પણ જેલમાં સામશૂનના વાળ વધવા લાગ્યા હતા. તેણે ઈશ્વરને પ્રાર્થના કરી કે, “હે ઈશ્વર મને ફક્ત એક વાર



બળવાન કર, જેથી કે હું મારી બે આંખોના બદલો આ લોકો પાસેથી લઈ શકું.”

શું ઈશ્વર સામશૂનને ફરી બળ પુરુ પાડવાનો હતો? શું સામશૂન અશક્ય બાબત કરી શકવાનો હતો? હા! હા!





સામશૂને ખૂબ જ દબાણ અને બળપૂર્વક આ સ્તંભોને ધક્કો દીધો. ત્યાં આખુ મંદિર ધસડાઈ પડ્યું અને ત્યાં હજારો પલિસ્તીઓનો અને સાથે સામશૂનનો નાશ થયો.

સામશુન ઈશ્વરનો મજબૂત પુરુષ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

ન્યાયાધિશો ૧૩-૧૬

“તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે.”
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

સમાપ્ત

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હૃદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬